

## હે વ્હાલા સાહેબ...!

આજે યોગી જયંતી. આપના રોમે રોમે યોગી વસ્યા છે !
આપને યોગી સાથે અદ્વૈત છે... તેવું જ શ્રીજી સાથે છે !
આપ પ્રતિપળ યોગી પ્રસન્નતાર્થે જીવો છો.
આપ અમારા યોગી છો.
આપ અમ અંતરે અહોનિશ વસો, આપ અમ રોમરોમ પાવન કરો.
આપ અમ જીવનનો ધબકાર બનો !
યોગીએ અમને સ્વીકારી આપને સોંપ્યા
અમને યોગીભાવ આપનામાં તેઓએ કરાવ્યો
તે ભાવની દઢતા પણ તેઓએ કરાવી.
હવે, આપ જ અમારું સર્વસ્વ છો,
આપ જ અમ આધાર છો, આપ યોગીમાં... યોગી આપમાં...
આપ બંને એકરૂપ
તેવો ભાવ અમને આપમાં અખંડ રહે !
આપની અનુવૃત્તિ જીવન બને, આપને પ્રસન્ન કરવા પ્રવૃત્તિ રહે.
અમારાં મન, તન, બુદ્ધિ આપમાં એકાકાર રહે
અમારું પોતાનું કંઈ જ ન રહે – આપ જ, કેવળ આપ જ રહો !
તે ભાવે પ્રતિપળ જીવવા બળ દેજો,
આપ રાજી રહો તેવું અમ જીવન બનાવજો !
યોગી જયંતીની આ પ્રાર્થના અમ સૌની છે.
સ્વીકારજો... આશિષ દેજો... સહજાનંદ દેજો. ◆



સાધુ શાન્તાદાસના
જય સ્વામિનારાયણ.

અનુપમ મિશન, યુ.એસ.એ.
યોગી જયંતી, ૨૪.૫.૨૦૦૬, પ્રાતઃ પૂજાની પ્રાર્થના.

# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા